## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બાપા... આ કહે છે કે મેં રાજીખુશીથી રાજીનામું આપ્યું છે...કોની રાજીખુશીએ હવે કહેશે...??

# વરસાદને પગલે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં લાઈટના ધાંધિયા

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજા મહેરબાન થયા છે. મેઘરાજાની એન્ટ્રીને પગલે વરસાદી વાતાવરણ અને તેજ પવનને પગલે ન્યું ગાંધીનગર વિસ્તારમાં વિજળી ડુલ થવાના કિસ્સા યથાવત રહેવા પામ્યા છે. મળતી માહિતી મુજબ કુડાસણમાં બે થી ત્રણવલાર લાઈટ આવન જાવન થતા વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ગયા હતા. જો કે વરસાદની સિઝન અને ઠંડક હોવાથી નાગરીકોને ગરમીથી રાહત મળી હતી. પરંતુ સામાન્ય વરસાદ કે વાવાઝોડામાં પણ આ વિસ્તારમાં લાઈટ જતી રહેવાની સમસ્યા યથાવત રહેવા પામી છે. જયારે રાયસણ ગુડા આવાસ ખાતે ગતરાત્રીના સમયે લાઈટ ગઈ હતી. જે આજે બપોર સુધી યુજીવીસીએલના કર્મચારીઓએ મથામણ કરી વિજપુરવઠો ચાલુ કર્યો હતો. પરંતુ ન્યુ ગાંધીનગરના નાગરીકો લાઈટના ધાંધીયાથી હેરાન પરેશાન થઈ ગયા છે.

## ખૂણેખાંચરેથી

- આજે રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ આપેલા રાજીનામા પછી ગાંધીનગર શહેરમાં ભારે રાજકીય ઉત્તેજનાઓ વ્યાપી ગઈ હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં આજે તમામ ૭ રસીકરણ કેન્દ્રો પર કોવિક્સન વેક્સિન આપવામાં આવશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત વેરાના બિલોના વિતરણ પછી ૬ ટકા જેટલી આવક મનપાની વધી છે.
- ગાંધીનગર શહેરમાં આજે બપોર પછી બનેલા નાટ્યાત્મક રાજકીય ઘટનાક્રમ વચ્ચે શહેરમાં ટ્રાફિક ભારણ વધ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાને કારણે મચ્છરોની ઉત્પત્તિ વધવા સાથે વાહકજન્ય રોગચાળો વકરે તેવો ભય ઉભો થયો છે.
- પંચદેવ મંદિર નજીક રોડ પર એક ખાડો પડવાથી અકસ્માતનો ભય ઉભો થયો છે. આ રોડ પર સ્ટ્રીટલાઈટ પણ બંધ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૪૯૩ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- સ્વચ્છતા મિશન સહિતની વિવિધ યોજનાઓ અંગે આજે ગ્રામ વિકાસ કમિશનરે વી.સી. યોજી હતી.
- આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ ઈસુદાન ગઢવી, પ્રવિણ રામ અને મનોજભાઈ સોરઠિયાએ મનપાની ચૂંટણીના પગલે ગાંધીનગરમાં ધામા નાખ્યા.

# પાટલા ઘો કારમાં ઘુસતાં ૩ રેસ્ક્યુ ટીમોએ ૪ કલાક મહેનત કરી કારમાંથી દૂર કરી

**ગાંધીનગર ઈન્ફોસીટી સુપર મોલ-૧ પાસે જયેશ પંચોલીની કારની બોનેટમાં જતી ઘો ને છુટક દરજીકામ કરતા રાકેશ દરજીએ જોઈ અને જાણ કરી હતી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ચોમાસાની સિઝનમાં સરીસૃપ નીકળવાની ઘટનાઓ વચ્ચે આજે ઈન્ફોસીટી વિસ્તારમાં પાટનગરમાં પાટલા ઘો મળી હતી અને તે એક ગાડીમાં ઘુસી ગઈ હતી જે ચાર કલાકની મહેનતને અંતે બહાર કાઢી શકાઈ હતી.

ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ સુપરમોલ-૧ની લોબીમાં બેસી છુટક દરજીકામ કરતા રાકેશભાઈ દરજીએ આજે એક કારની બોનેટમાં

જો કે આ ટીમોએ એવુ અનુમાન કર્યુ હતુ કે કદાચ તે નીકળી ગઈ હશે પરંતુ નજરે જોનારાઓએ નનૈયો ભણ્યો હતો.

આ પછી જયેશ પંચોલીએ ફાયરબ્રિગેડને જાણ કરી હતી. ફાયરબ્રિગેડમાંથી જયેશભાઈ કોટવાલ અને પારધી સહિતના સભ્યો ત્યાં પહોંચ્યા હતા. તેમણે કારની સ્થિતિ જોયા પછી બોનેટ ખોલી અને તપાસ કરી હતી. બોનેટ ખોલવાના અવાજની સાથે જ આ પાટલા ઘો ઉપર આવી હતી.



આ પાટલા ઘો ને જતી જોઈ હતી. તેમણે તેમનું કામ થંભાવી દીધુ હતુ અને તેના પર જ નજર રાખીને ગાડીના માલિક આવે તેનો ઈન્તજાર કરતા હતા.

કામ પતાવી અને કાર પર પરત આવેલા જયેશ પંચોલી કે જેમની ઓફિસ આ જ મોલમાં છે અને ગાંધીનગર સમાચારમાં કોમ્પ્યુટર વિભાગના હેડ તરીકે પણ ફરજો બજાવે છે તેમની પાસે જઈ રાકેશભાઈએ પાટલા ઘો જેવું અંદર ગયાની વાત કહી હતી.

જયેશભાઈએ તાત્કાલિક આ બાબતને ગંભીરતાથી લીધી અને પ્રકૃતિપ્રેમીઓની રેસ્ક્યુ ટીમને આ અંગે જાણ કરી હતી. આ માટે બે ટીમો આવી પહોંચી હતી તેણે ગાડીને બરાબર જોઈ પણ પાટલા ઘો એવી રીતે બોનેટમાં ભરાઈ ગઈ હતી કે કોઈની નજરમાં તે આવી જ નહિ.

ખાસ્સી મહેનત પછી પાટલા ઘો ને લઈ જવામાં અને કારમાંથી દૂર કરવામાં આ ટીમને સફળતા મળી હતી.

રાકેશભાઈ દરજીને જયેશભાઈ પંચોલીએ અભિનંદન આપ્યા હતા તેમજ સમયસર જાણ કરવા માટે આભાર માન્યો હતો. ૪ કલાકની ભારે જહેમત દરમ્યાન આજુબાજુના વેપારીઓ પણ એકત્ર થઈ ગયા હતા.

ત્રણ-ત્રણ રેસ્ક્યુ ટીમોની મહેનત રંગ લાવી હતી પરંતુ ગાંધીનગરમાં પહેલીવાર પાટલા ઘો આવી રીતે કારની બોનેટમાં ઘુસી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની બાજુમાં જ આ ઘટના બની હતી. શહેરમાં વન્યજીવોની આવન-જાવન વધી હોવાથી નગરજનોમાં ચિંતા અને ભયની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

## ઈસ્લામીક કલ્ચરલ સોસાયટી ઓફ ગુજરાતના પ્રમુખ તરીકે યુસુફ પરમારની વરણી

ગાંધીનગર,તા.૧૧

શહેરના સેકટર-૨૪ ખાતે આવેલી ઈસ્લામીક કલ્ચરલ સોસાયટી ઓફ ગુજરાત (આઈ.સી.એસ) ગાંધીનગર સંસ્થાની કારોબારીની બેઠક તાજેતરમાં મળી હતી. આ બેઠકમાં આઈ.સી.એસ ના હોદેદરોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ગાંધીનગર શહેરના અગ્રણી યુસુફભાઈ પરમારની વરણી કરવામાં આવી છે.

જયારે આઈસીએસના ઉપપ્રમુખ તરીકે ઉસ્માનખાન રાઠોડ અને તાજુભાઈ મોમીન ની વરણી કરવામાં આવી છે. તેવી જ રીતે માનદ મંત્રી તરીકે યાસિનખાન બલોચ અને જીહૂરભાઈ મનસુરી, સહમંત્રી તરીકે કાસકમભાઈ સાલેહ, ખજાનચી તરીકે હાફિઝભાઈ હરસોલીયા, આંતરીક ઓડીટર તરીકે સમીરભાઈ ઘાંચીની વરણી કરાઈ છે. જયારે કમેટીના અન્ય કન્વીનરો તરીકે અહેસાનભાઈ મલેક, ગનીભાઈ વાડીયા, જાબીરભાઈ ચોકસી, આયશાબેન પટેલ, સોફિયાબેન પરમાર, જૈબુન્નીશા લાડબેન, અને કોરાબારી સભ્ય તરીકે સાજીદબાઈ સૈયદ, રઉફ શેઠ, હાજીસુલેમાન કડીવાલા, અલ્તાફભાઈ કાપડીયા, બાબુભાઈ ટાડા, એ.ટી.સીંધી અને રાજાભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે.

# ધોળાકુવા મહાદેવના દર્શનાર્થે ગયેલી મહિલાઓના ૩ મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર-જિલ્લાના મહાદેવના મંદિરો શ્રાવણ માસમાં હર હર મહાદવેના નારાથી ગુંજી ઉઠયા હતા. ત્યારે આજે રૂષી પંચમી અને સામા પાંચમનું અનેરુ મહત્વ હોય છે. ત્યારે શહેરને અડીને આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ મહાદેવના દર્શન કરવા માટે મહિલા તેમજ ભકતોની લાંબી લાઈનો લાગી હતી. ધક્કા મુકીમાં કેટલાક ચોર શખ્સો પોતાની કળા કરી ગયા હતા.

મહાદેવના દર્શન કરવા આવેલી મહિલાઓના પર્સમાંથી મોબાઈલ ચોરી થયાની બુમ ઉઠવા પામી હતી. જો કે ત્રણ જેટલી મહિલાના પર્સમાંથી ચોરી થઈ હોવાની ચર્ચા મંદિર આસપાસ ચાલી રહી હતી.મોબાઈલ શોધવા માટે પ્રયત્ન કરતા ગણતરીની મીનીટોમાં જ મોબાઈલ સ્વીચ ઓફ થઈ ગયા હતા. જો કે મોબાઈલ ચોરી થવાની ઘટના સામે આવતા અન્ય ભકતોએ પોતાના મોબાઈલ સાચવતા ચોરી થતા બચી ગયા હતા.

# આત્મહત્યા કરતા અટકાવવા માટે જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ

ગાંધીનગરના સેક્ટર ૨૩ નાથીબા કોલેજમા પોલીસ અધિકારીઓની હાજરીમા વિદ્યાર્થીઓને આત્મહત્યા નિવારવા મુદ્દે કાર્યક્રમ યોજયો હતો. જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ કહ્યુ હતુ કે, કોરોનાકાળમા જીવન આસ્થા હેલ્પ લાઈનમા રોજના ૮૦થી ૯૦ હજાર કોલ આવી રહ્યા છે. જ્યારે તેના પહેલા કોલની સંખ્યા ખૂબ જ ઓછી હતી. જયારે મનોચિકિત્સક ગૌરાંગ થાનકીએ કહ્યુ હતુ કે, સફળતા હોય ત્યારે લોકોની સ્થિતિ જુદી હોય છે, પરંતુ જયારે તેજ વ્યક્તિને નિષ્ફળતા મળે છે ત્યારે તે હતાશ થઈ જાય છે. તેવા સમયે માનવીએ નિષષ્ફળતાનુ મેનેજમેન્ટ કરવુ જોઈએ. આનંદી વ્યક્તિનો એકા એક સ્વભાવ બદલાય તેવા સમયે આસપાસના લોકોને તેની નોંધ લેવી જોઈએ અને તેની સાથે વાતચિત કરી તેની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવો જોઈએ. જીવન આસ્થા હેલ્પ લાઈનને હત્યાર સુધી ૮૦ હજાર કોલ મળ્યા છે. જેમા ૯૦૦ કોલ આત્મહત્યાના આવ્યા છે. હાલના સમયમા સૌથી વધારે અવરોધ મોબાઈલનો છે. વિદ્યાર્થીઓથી લઈને મોટેરાઓને મોબાઈલનુ વળગણ લાગ્યુ છે. પરંતુ અંગુઠો અડાડવાથી કારકિર્દી બનવાની નથી, પરંતુ તેનાથી દુર રહેવાથી કારકિર્દી બનશે. જિલ્લા પોલીસ વડાની કચેરીમાં આત્મહત્યા કરતા લોકોને અટકાવવા માટે જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ કરાયેલી છે. અત્યાર સુધી ૮૦ હજાર લોકોએ આત્મહત્યાનો વિચાર આવ્યા બાદ ફોન કર્યો છે. ત્યારે આજથી ૭મા વર્ષમા પ્રવેશ કરતી હેલ્પલાઈનના કાર્યક્રમ પ્રસંગે કાઉન્સિલરોએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યુ હતુ કે, દેશની અનેક સેલીબ્રિટીઓનો અભ્યાસ ઓછો છે, અનેકવાર તેઓ નિષ્ફળ રહ્યા છે, પરંતુ તેમને હિંમત હારી નથી. તમે અભ્યાસમાં નિષ્ફળ જાઓ તો હિંમત હારશો નહિ, જીવનમા અનેક તકો આવે છે, જે યોગ્ય સમયે ઝડપી લેતા સફળતા મળે છે. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫મા જીવન આસ્થા હેલ્પ લાઈનનો શુભારંભ કરાયો હતો. જેને આજે ૬ વર્ષ પુરા થતા ૭મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. સમગ્ર દુનિયામા ૧૦મી સપ્ટેમ્બરના રોજ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ પણ મનાવાય છે. પોલીસ ફરિયાદ બાદ ખબર પડતી હતી કે, લોકો કેવી સમસ્યાથી પીડાઈ રહ્યા છે. જેને લઈને વર્ષ ૨૦૧૫મા જિલ્લા પોલીસ વડાની કચેરીમા જીવન આસ્થા હેલ્પ લાઈનનો આરંભ કરાયો હતો.



સંવત્સરી પૂર્ણ થતા અઢ્ઢાઈ તપ કરનાર તપસ્વીઓના સામુહિક પારણાનો કાર્યક્રમ સેક્ટર-૨૨ જૈન દેરાસર મંદિર ખાતે યોજાયો હતો. રાષ્ટ્રીય સંત આચાર્ય પ.પૂ. પદ્મસાગર સૂરીશ્વર મહારાજની નીશ્રામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા યોજાયેલ ચિત્રસ્પર્ધાનું પરિણામ જાહેર

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં શાળાના વયજૂથ માટે 'હું છું ગાંધીનગર' વિષય રાખેલ હતો. જેમાં કુલ ૧૦૦થી પણ વધુ ચિત્રો પ્રાપ્ત થયા હતા. સ્પર્ધામાં ૫ થી ૧૫ વર્ષના બાળકોએ મનમોહક 'નયન રમ્ય દશ્યો' પ્રસ્તુત કર્યા હતા તેમજ 'હું છું ગાંધીનગર'




વિદ્યાર્થીઓએ તેમજ નગરજનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધા બે જૂથમાં રાખવામાં આવી હતી. જેમાં ગ્રૃપ એ માં ૫ થી ૧૫ વર્ષના વિદ્યાર્થીઓ માટે 'નયન રમ્ય કુદરતી દશ્ય' અને ૧૬ થી ૩૫ વર્ષની

ગ્રુપ-એ માં અનુક્રમે વિજેતા: રીયા ઠક્કર, દિયા શાય, માહી પટેલ, કેન્વી પ્રજાપતિ, દિવ્ય ચક્રબર્તી ● ગ્રુપ-બી ના અનુક્રમે વિજેતા: વિષ્ણસિંહ ચાવડા, શૈલેશ પ્રજાપતિ, મિલી એમ. શાહ, કુદરતી દશ્યમાં

વિષય દ્વારા ગાંધીનગરની સાચી ઓળખ બનાવતા સ્થળોનું આહલાદક વર્ણન પ્રસ્તુત થયુ હતુ. આ ચિત્રસ્પર્ધાના નિર્ણાયક તરીકે વત્સલભાઈ વોરા અને પૂર્વીબેન મણિયારે સેવા આપી હતી.

## સાદરામાં સંત વિનોબાની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરા દ્વારા સંત વિનોબાજીની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે ડીન જગદીશચંદ્ર સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ તરીકે ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંત મહાત્મા સ્મૃતિ ટ્રસ્ટના મહેન્દ્રભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ પટેલે કર્યુ હતુ.

# ગાંધીનગરમાં સિઝનનો ૪૯ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર,તા.૧૧

જિલ્લામાં વરસાદની સરેરાશ એવરેજ ૭૬૫ એમએમ છે જેની સામે અત્યાર સુધી ૩૭૫ એમએમ વરસાદ થયો છે. દહેગામ તાલુકામાં એવરેજ ૮૦૬મીમી વરસાદ પડે છે જેમાં અત્યારસુધી ૨૭૬ મીમી વરસાદ પડ્યો છે અને ટકાવારી ૩૪.૨૪ છે. જ્યારે ગાંધીનગરમાં એવરેજ ૭૧૫ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધીમાં ૨૩૯ મીમી વરસાદ પડ્યો છે અને ટકાવારી ૩૩.૪૨ રહી છે આ ઉપરાંત કલોલમાં ૭૮૨મીમી વરસાદ પડે છે. જેમાંથી અત્યારસુધી ૪૨૨ મીમી વરસાદ અને ટકાવારી ૫૩.૯૬ છે માણસામાં ૮૦૦ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધી ૪૨૮મીમી વરસાદ અને ટકાવારી ૫૩.૦૫ થઈ છે ગાંધીનગર જિલ્લામાં એવરેજ ૭૬૫ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધી ૩૭૫ મીમી વરસાદ અને ટકાવારી ૪૯.૦૧ રહી છે.

ગાંધીનગરમાં બે દિવસથી જિલ્લામાં સારો વરસાદ નોંધાતા નાગરિકો અને ખેડૂતોએ રાહતનો દમ લીધો છે. ગાંધીનગરમાં ગુરૂવારે સવારે ૬ વાગ્યાથી શુક્રવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ પોણા ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. દહેગામમાં ૩.૩૬ ઈંચ, ગાંધીનગરમાં શહેરમાં એક ઈંચ, કલોલમાં દોઢ ઈંચ તથા માણસામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદથી ગાંધીનગરના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. તો ખેડૂતોના પાકને જીવનદાન મળી ગયું છે. ગાંધીનગરમાં જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૪૯ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

## સાદરામાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ, હિન્દી વિભાગ-સાદરા અને બેંક ઓફ ઈન્ડિયા સાદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાદરા સંકુલના સંયોજક રમેશભાઈ એમ. પટેલે કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. રાજેન્દ્ર જોશી કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે રહ્યા હતા. ડૉ. ગાયત્રીદત્ત મહેતાએ સંચાલન કર્યુ હતુ. ડૉ. અતુલ પરમાર અને બળદેવભાઈ મોરી નિર્ણાયક તરીકે રહ્યા હતા. જેમાં પ્રથમ વિજેતા વૈભવી પરમાર, દ્વિતીય સ્થાને સીમા સોલંકી તથા તૃતીય સ્થાને ગીતા રબારી રહ્યા હતા. આમ દેશભક્તિ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓએ દેશપ્રેમ તથા દેશદાઝ જગાવવાનો પ્રયાસ કર્યો હતો.






ઋષિપાંચમ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન ઓડિટોરીયમમાં કરવામાં આવ્યું હતું. ડી.જે. વણઝારા આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત યુનિવર્સિટીના સ્વામી વિવેકાનંદ શિક્ષણ સંકુલમાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં આવેલ સ્વામી વિવેકાનંદ શૈક્ષણિક સંકુલમાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાંનું અનાવરણ કરીને ગૌરવની લાગણી અનુભવતા ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું કે ૧૧ મી સપ્ટેમ્બર ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદે શિકાગો ખાતે યોજાયેલ વિશ્વધર્મ સંસદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. આ ધર્મ સંસદમાં વિવેકાનંદજીએ ભારતીય સંસ્કૃતિ અને ધર્મવિષયક ઉદબોધન કરીને ભારતીય સંસ્કૃતિને વિશ્વ ફલક પર મૂકી વિશ્વને ભારતીય સંસ્કૃતિની ઓળખ કરાવી હતી. જેના યાદમાં જ ૧૧મી સપ્ટેન્બરનો દિવસ સમગ્ર દેશમાં દિગ્વિજય દિવસ તરીકે ઓળખાય છે.